


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠન બનાસકાંઠા પાલનપુર ધ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન શિવજીના પ્રાગટ્ય દિન મહાશિવરાત્રી પર્વ નિમિત્તે શિવરાત્રી મહોત્સવની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. મહા શિવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શહેરના કોઝી ટાવર સામે ભગવાન શિવજીના મહાપ્રસાદ રૂપે ભાંગ મિશ્રિત દૂધનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો વિશાળ સંખ્યામાં શિવભકતોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠન પાલનપુર ધ્વારા કાર્યક્રમના પ્રારંભમાં દેવાધિદેવ મહાદેવની સ્તુતિ અને અભિષેક કર્યા બાદ દૂધાનું વિતરણ શરૂ કરાયું હતું. જયાં વહેલી સવારથી મોડી સાંજ સુધી પ્રસાદ લેવા માટે શિવભકતોનો ભારે ધસારો રહયો હતો. આ પ્રસંગે હજારો શિવભકતોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. આ ભકિત પ્રસંગને સફળ બનાવવા માટે શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠનના પ્રમુખ સંજય જોશી, પ્રોજેકટ કન્વીનર દિપક રાવલ, પાલનપુર પાલિકાના ઉપપ્રમુખ અમરતભાઈ જોશી, પાલિકાના બાંધકામ સમિતિના માજી ચેરમેન પ્રતાપભાઈ જાની, કૌશલ જોશી, ચિમનલાલ સોલંકી, ધ્રુવ જોશી, ધ્રુવિન જોશી, અલ્પેશ પુરોહીત, કૌશીક પુરોહીત સહિતના કાર્યકરોએ અપાર જહેમત ઉઠાવી હતી. છેલ્લા એકવીસ વર્ષથી અવિરતપણે શિવભકતો માટે ભગવાન શિવજીના પ્રસાદનું વિતરણ કરવામાં આવી રહયું છે ત્યારે શ્રી વંદેમાતરમ્ યુવા સંગઠનના પ્રમુખ સંજય જોશીએ કાર્યક્રમમાં ધર્મપ્રેમી જનતા તરફથી મળી રહેલા સાથ-સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો.

### મોડાસાની સાર્વજનીક હોસ્પીટલમાં સ્વાઈન ફલુના


# દર્દીઓની સારવાર માટે તૈયાર કરાયેલ આઈસોલેશન વોર્ડમાં સુવિધાના નામે મીંડુ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૭

હાલ સમગ્ર રાજ્યમાં સ્વાઈન ફલુ એ હાહાકાર મચાવ્યો છે જેને લઈ ને સ્વાઈન ફલુ ના રોગ નો લોકો ભોગ બનતા જાય છે ત્યારે આ રોગ માં થી બહાર આવવા અનેક પ્રયોગો સાથે પ્રયત્નો કરી આ રોગ ના સકંજા માં થી બચવા પ્રયાસો કરવામાં આવી રહયા છે ત્યારે આ રોગે અરવલ્લી જીલ્લા ને પોતાની બાન માં લીધો છેંત્યારે આ રોગ ને પહોચી વળવા માટે મોડાસા ની સાર્વજનીક હોસ્પીટલ માં આઈસોલેશન વોર્ડ તો તૈયાર કરવામાં આવ્યો છે પરંતુ આ વોર્ડ માં પુરતી સુવિધાઓ ના અભાવે આ વોર્ડ જાણે શોભાના ગાંઠીયા સમાન હોય તેવુ લાગી રહયુ છે.

મોડાસા ખાતે આવેલી સાર્વજનીક હોસ્પીટલ માં સ્વાઈનફલુ રક્ષણ આપે તેવી કોઈ જ દવા ઉપલબ્ધ નથી ત્યારે વધારે આશ્ચર્ય પમાડે એવી વાત એ છે કે આ રોગ ના દર્દીઓ ની લોહીનુ પરીક્ષણ કરવા માટે ની જરૂરી લેબોરેટરી પણ નથી જયારે

મોડાસા સાર્વજનીક હોસ્પીટલ ના ડો દવે સાહેબ નો આ અંગે સર્પક સાધતા તેમણે પણ જણાવ્યુ હતુ કે આ ોગ ના લોહી નુ પરીક્ષણ કરવા માટે અહિ કોઈ પણ જાતની વ્યવસ્થાના




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લ ના મોડાસા ખાતે આવેલી સાર્વજનીક હોસ્પીટલમાં ૫૦ વષ થી આરોગ્યની સેવાઓને લઈને પ્રચલીત છે. આ હોસ્પીટલમાં દુર દુરથી ૧૦૦ કી.મી.ની આજુબાજુના દર્દીઓ સારવાર માટે આવતા હોય છે હાલ સ્વાઈન ફલુના દર્દીઓ આવે છે પરંતુ તેમનો ટેસ્ટ કરવા માટે લેબોરેટરીની વ્યવસ્થા ન હોવાથી ટેસ્ટ કર્યા સિવાય સારવાર અહિયા અપાય નહી માટે તેમને લેબોરેટરીના અભાવે અમદાવાદ રીફર કરવામાં આવે છે

જયારે આ રોગને લઈને અત્યારે સમગ્ર ગુજરાત રાજયમાં ભયનો માહોલ છવાયેલો છે ત્યારે મોડાસા એ અરવલ્લી જીલ્લાનુ વડુ મથક છે અને અત્યાર સુધી અરવલ્લી જીલ્લામાં આજે થઈ કુલ ૨૦ જેટલા કેસો પોઝેટીવ મળી આવ્યા છે ત્યારે આ સાર્વન્જનીક હોસ્પીટલમાં તાત્કાલીક ધોરણે સરકારના આરોગ્ય વિભાગ ધ્વારા આ રોગને પહોચી વળવા માટે સાર્વજનીક હોસ્પીટલમાં ઉભા કરાયેલા આઈસોલેશન વોર્ડ માં જરૂરી સુવિધાઓ જલ્દીથી ઉભી કરવામાં આવે તેવી અરવલ્લી જીલ્લાની પ્રજા ધ્વારા માગણી કરવામાં આવી છે.

## અરવલ્લી જીલ્લામાં વધુ બે કેસ પોઝેટીવ

સ્વાઈન ફલુનુ સંકટ દિવસે ને દિવસે ભયાનક સ્વરૂપ ધારણ કરી રહયુ છે આ રોગને લઈને ગુજરાત રાજય ના તમામ જીલ્લા ના લોકો માં ભયનો માહોલ છવાયો છે ત્યારે અરવલ્લી જીલ્લામાં પણ આ રોગને લઈને લોકોમાં ફફળાટ વ્યાપી ગયો છે. અરવલ્લી જીલ્લામાં પણ સ્વાઈનફલુ નાકમ આ મહાબીમારી થમવાનુ નામ જ ના લેતી હોય તેમ દિવસે ને દિવસે આ રોગ ના દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે ત્યારે આજ ફરીથી અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફલુના બે કેસ પોઝેટીવ મળી આવતા લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

આજ રોજ અરવલ્લી જીલ્લા ના ધનસુરા ની ૪૦ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા તેને સારવાર અર્થે હિંમતનગર ની સિવિલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવી હતી. જયારે મોડાસા શહેરના કસ્બા વિસ્તારમાં રહેતા એક ૬ વર્ષીય બાળકને પણ સ્વાઈન ફલુએ પોતાના સકંજામાં લેતા અત્યાર સુધી અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓનો આંક ૧૯ ઉપર પહોચી ચુકયો છે અને આ રોગને લઈને અત્યાર સુધી ૩ ના મોત થવા પામ્યા છે.

ના દર્દીઓ ની સારવાર માટે આઈશોલેશન વોર્ડ તો બનાવા માં આવ્યો છે. પરંતુ નવાઈ ની વાત તો એ છે કે અરવલ્લી જીલ્લ માં અને સમગ્ર ગુજરાત માં દીનપ્રતીદીન સ્વાઈનફલુ ના દર્દીઓ ની સંખ્યા માં વધારો થતો જાય છે ત્યારે આ સાર્વજનીક હોસ્પીટલ ખાતે ઉભાો કરવામાં આવેલ આઈસોલેશન વોર્ડ માં આ સ્વાઈનફલુ ના રોગ સામે અહીના ડોકટરો ધ્વારા રાજય સરકાર ના આરોગ્ય વિભાગ માં આ લેબોરેટરી માટે માંગ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી સરકાર ના આરોગ્ય વિભાગ તરફ થી કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી જેથી આ રોગ ના દર્દીઓ ને જીલ્લા માં સારવાર મેળવવાની જગ્યાએ છેક અમદાવાદ ની સીવિલ હોસ્પીટલ સુધી લાંબા થવુ પડે છે.

હોવાના કારણે પેસન્ટને અમદાવાદની સવિલ હોસ્પીટલ ખાતે સારવાર અર્થે જવુ પડે છે જયારે અરવલ્લી જીલ્લાનો એક પણ કેસ સારવાર અર્થે આ હોસ્પિટલમાં આવ્યો નથી અને અન્ય જીલ્લાના પાંચ જેટલા કેસ આ હોસ્પીટલમાં સારવાર માટે આવ્યા હતા જેને વધુ સારવાર અર્થે અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં રીફર કરવામાં આવ્યા છે.

# સમગ્ર અરવલ્લી જીલ્લો બમ... બમ... ભોલે...ના નાદથી ગાજી ઉઠયો : ઠેર ઠેર શિવરાત્રી નિમિત્તે મેળા ભરાયા

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૭



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મહાશિવરાત્રી એટલે ભગવાન શિવનો જન્મ દિવસ આ દિવસ ને શંકર ભગવાનના જન્મ દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. વહેલી સવાર થી શિવ મંદિરોમાં ભકતો ધ્વારા પુજા અર્ચના અને ભજન સંધયૂના કાર્યક્રમો કરવામાં આવે છે અને શંકર ભગવાનને પ્યારા એવા બીલીપત્રો તેમજ દુધ અને જળનો અભીષેક શિવલીંગ પર કરવામાં આવે છે. અરવલ્લી જીલ્લાના બાયડ મોડાસા માલપુર મેઘરજ ધનસુરા ભીલોડા ખાતે આવેલા શિવ મંદિરોમાં વહેલી સવારથી શિવ પૂજા અર્ચનાથી ગુંજી ઉઠયા હતા અને ભકતો ધ્વારા શિવના શિવલીંગને દુધ અને જળનો અભીષેક કરી ચંદનનો તીલક કરીને મંદીરોને શણગારવામાં આવ્યા હતા અને આ તહેવારને લઈને દરેક શિવ મંદીરોમાં પ્રસાદ રૂપે ભાંગનો પ્રસાદ વહેચવામાં આવ્યો હતો.


જયારે મોડાસા ખાતે આવેલ ઘેબીનાથ મંદિરમાં ધીના મહાદેવ બનાવામાં આવ્યા હતા જે મોડાસા શહેરના શિવભકતોમાં આર્કષણનુ કેન્દ્ર બન્યા હતા જયારે આ મેળામાં લોકોમાં સ્વાઈન ફલુ નામના રોગ પ્રત્યે જાગૃતી કેળવાય તે માટે આરોગ્ય વિભાગ ધ્વારા મોટા મોટા હોડીગ્સ લગાવવામાં આવ્યા હતા અને આ તહેવારને લઈને મેળાઓમાં અને મંદિરોમાં કોઈ અનીચ્છનીય ઘટના ન બને તે માટે



મહાશિવરાત્રીને લઈને અરવલ્લી જીલ્લમાં ઠેર ઠેર મેળાઓ લાગ્યા હતા પોલીસનો પણ ચુસ્ત બદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ડીસા સહિત જિલ્લાભરમાં શિવાલયોમાં શિવરાત્રી પર્વની હર્ષભેર ઉજવણી

આજે હિન્દુઓનો પવિત્ર તહેવાર મહાશિવરાત્રી છે. આજે ભક્તિમાં લીન બની શિવ સ્તૂતિ અને આરાધના કરી હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ભારત દેશ અને પરદેશમાં અનેક હિંદુ ધાર્મિક ભાવિક ભક્તો હૃદયની અનેરી શ્રધ્ધાથી એમના આરાધ્ય દેવ મહાદેવની પૂજા,અર્ચના,આરતી અને અભિષેક કરીને કૃતકૃત્યતાની લાગણી અનુભવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં આજે ભક્તિભાવપૂર્ણ માહોલમાં શિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી, આ -સંગે શિવમંદિરોમાં હરહર મહાદેવના નાદ ગુંજી ઉઠ્યો હતો તો વળી, શિવભકતો ભાંગની -સાદી લઈ ભક્તિમાં લીન બની શિવ સ્તૃતિ અને આરાધના કરી હતી,સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં આજે ભક્તિભાવપૂર્ણ માહોલમાં શિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી, આ -સંગે શિવમંદિરોમાં હરહર મહાદેવના નાદ ગુંજી ઉઠ્યો હતો તો વળી, શિવભકતો ભાંગની -સાદી લઈ

આજે શિવરાત્રી પર્વ માં જિલા મથક પાલનપુર, તેમજ વહેપારી મથક ડીસા સહીત અન્ય તાલુકા મથકો , અમીરગઢ, દાંતીવાડા, દાંતા, દિયોદર, કાંકરેજ, ભાભર, વાવ, થરાદ, સહિતના વિસ્તારોમાં શિવરાત્રી પર્વની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરાઈ હતી, આ -સંગે બાલારામ, હરગંગેશ્વર, કોટેશ્વર, પાતાળેશ્વર સહિતના શિવમંદિરોમાં ભાવિકભકતો દ્વારા પૂજા-અર્ચના કરવામાં આવી હતી, તો વળી, ડીસા માં રીસાલેશ્વર મહાદેવ મંદિર, રેજીમેન્ટ નીલકંઠ મહાદેવ , રસાણા શિવધામ તેમજ અન્ય શિવમંદિરો માં આજે સવાર-સાંજ આરતી તેમજ ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. તો વળી, .દાંતીવાડા તાલુકામાં આવેલા વિવિધ મહાદેવના મંદિરોમાં શિવરાત્રિને લઈને ભારે ધર્મમય માહોલ જામ્યો હતો.છે. જેમાં કૃષિ યુનિવર્સિટીના ઝાખડેશ્વર મહાદેવ, રાણોલના અમલેશ્વર મહાદેવ, બોર્ડર વિંગના નર્મદેશ્વર મહાદેવ તથા પાંથાવાડા નજીકના ગંગેશ્વર મહાદેવના મંદિર ખાતે શિવરાત્રિ નિમિત્તે યજ્ઞ, અભિષેક, ભજન તથા મહા-સાદનું આયોજન કરાયું હતું.

આજ ના પાવન દિવસે સહુ કોઈ શિવમય બની ઉપવાસ કરતા હોઈ ફલાહાર માં ન્યિ એવા દિવસે શિવરાત્રી પર્વ નિમિત્તે ભાવિકભકતો ઉપવાસ રાખતા હોય છે. ત્યારે વિવધ મંદિરો માં ભક્તજનો માટે ફલાહાર અને -સાદ ની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી,.આમ, આજે શિવરાત્રી નિમિતે સમગ્ર જીલ્લા માં અનેરો ભક્તિમય મહોલો જામ્યો હતો





તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

# ભિલોડા તાલુકાના શિવાલયોમાં બમબમ ભોલે અને ૐ નમઃ શિવાયના નાદથી ગુંજ્યા

### નવા ભવનાથ અને જુના ભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા

અરવલ્લી જીલ્લા અને સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકાના શિવાલયોમાં બમબમ ભોલે અને ૐ નમઃ શિવાયના નાદથી ગુંજ્યા હતા. શિવાલયોમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. નવા ભવનાથ અને જુના ભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર જોવા મળતા હતા. ભોળા શ્રી શીવશંકર ભગવાનની હેપ્પી બર્થ-ડે સમી મહાશિવરાત્રીના મહાપર્વ નિમિત્તે શિવાલયોમાં બમ બમ ભોલે અને હર હર મહાદેવના નાદ ગુંજી ઉઠ્યા હતા. ભિલોડા નવાભવનાથમાં પરંપરાગત રીતે મેળો ભરાયો હતો. આ મેળો મહાલવા અને શિવજીના દર્શનાર્થે ભાવિક ભક્તોનાં કીડીયારાં ઉભરાયાં હતા. જુના ભવનાથ, રૂદ્રેશ્વર મહાદેવ (ગઢીયા-પાલ્લા), ખુમાપુર ગામ પાસે આવેલ પતલેશ્વર મહાદેવ મંદીરે પણ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ભોળાનાથના દર્શને આવ્યા હતા. હજ્જારો કિલો શક્કરીયા, બટાકા અને રંતાળુનું ફરાળ બનાવી દરેક ભાવિક ભક્તોને પ્રસાદી તરીકે આપવામાં આવેલ હતું. મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે ભાવિક ભક્તો ધ્વારા ઠેર-ઠેર શિવાલયોમાં લઘુરૂદ્ર, ભજન સંધ્યાનો કાર્યક્રમો યોજાયા હતા. મહાશિવરાત્રી નિમિત્તે ૐ નમઃ શિવાયના મંત્રોથી ગુંજી ઉઠનારા શિવાલયોમાં શિવપૂજા આરાધના, ભક્તિભાવ પુર્વક ઠેર-ઠેર આયોજન યોજાયું હતું. પવિત્ર પાવન શ્રાવણ મહિનામાં પણ શીવ ઉપાસનાનું ઘણું જ મહત્વ હોય છે પરંતુ શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર ચાર પ્રહરની પુજા મહાશિવરાત્રીના દિવસે કરવાથી શ્રાવણ મહિનામાં કરેલી શિવ ઉપાસના જેટલું જ પુણ્ય ફળ મળે છે. શિવાલયોમાં હર હર મહાદેવની અખંડ ધુન, ભજન, મંત્રોચાર, અભિષેક ભાવિક ભક્તો ધ્વારા કરાયા હતા. ભિલોડાના નવાભવનાથ અને જુનાભવનાથના મેળામાં ભાવિક ભક્તો દર્શનાર્થે અને મેળો મ્હાલવા હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા હતા. શિવાલયોમાં હર હર મહાદેવ, ભોળા શંભુ તમારી ધુન લાગી, ૐ નમઃ શિવાયના જયઘોષના નાદ ગુંજતા હતા. ભિલોડા તાલુકાના શિવાલયોમાં મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવ પુર્વક ઉજવણી યોજાઈ હતી.

# પ્રાંતિજ તાલુકા નિવૃત્ત શિક્ષક સમાજની સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજની વાર્ષિક સાધારણ સભા અને પેન્સનર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સભ્યોને મંડળમાં દાન આપવા આગળ આવવા આહવાન કરવામાં આવ્યું હતું. સંસ્થાના હિસાબો રમણભાઈ વણકરે રજુ કર્યા હતા. આ પ્રસંગે ૭૦ વર્ષથી વધુ ઉંમરના વયસ્કોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોમાભાઈ પટેલ, જીતેન્દ્ર પુરોહિત, ઈન્દ્રસિંહ પરમાર, વાડીલાલ મોદી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA
ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦